*રાજ્યમાં ટ્રાફિક મેનેજમેન્ટ માટે ટેકનીકલ સબ કમિટીની રચના કરવા બાબત.*

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૧૫/૧૧૭૫/વ

સચિવાલય, ગાંધીનગર.

તા. 04 MAY 2016

વંચાણે લીધા:

(૧) ગૃહ વિભાગનો તા.૩-૬-૯૮નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦૯૮-૭૭૭-વ

(૨) ગૃહ વિભાગનો તા.૧-૭-૯૯નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦૯૮-૭૭૭-વ

(૩) ગૃહ વિભાગનો તા.૧-૭-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦/૨૦૦૦/૧૩૧/વ.

(૪) ગૃહ વિભાગનો તા.૧૫-૬-૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦૯૮-૭૭૭-વ

(૫) ગૃહ વિભાગનો તા.૧૫-૧૨-૨૦૦૩નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦.૨૦૦૦/૧૩૧/વ.

(૬) ગૃહ વિભાગનો તા.૨૭-૭-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦-૨૦૦૬-૪૩૮-વ.

(૭) ગૃહ વિભાગનો તા.૨૦-૬-૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦૨૦૦૫-૨૭૯૩-વ

(૮) ગૃહ વિભાગનો તા.૨૨-૭-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૦૭/૧૪૪૦/વ.

(૯) ગૃહ વિભાગની તા.૨૮-૪-૨૦૧૬ ની રાજયકક્ષાની ટ્રાફિક મેનેજમેન્ટ કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ ક્રમાંક: ટફક/૧૦૨૦૧૫/૧૧૭૫/વ.

ઠરાવ:-

રાજ્યના ધોરી માર્ગો પર અને શહેરોમાં થતા પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે અને મહામૂલી માનવ જીંદગી અને અસ્કયામતોનો નાશ થતો અટકાવવા માટે અને મુસાફરી સલામત બને તે માટેના ઉપાયાત્મક પગલાઓ પ્રયોજવા આમુખમાં દર્શાવેલ ઠરાવો અન્વયે રાજ્ય સરકાર દ્વારા માર્ગ સુરક્ષા નિધિની રચના કરવામાં આવેલ છે. આ નિધિની જોગવાઇઓનો મહત્તમ ઉપયોગ થઇ શકે અને તેના મહત્તમ પરિણામો પ્રાપ્ત કરી શકાય અને રાજ્યમાં પ્રાણઘાતક અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તે હેતુથી આમુખમાં દર્શાવેલ ક્રમ(૩) તથા ક્રમ(૮) પરના ઠરાવોથી ટ્રાફીક મેનેજમેન્ટ કમિટીની રચના કરવામાં આવેલ છે.

૨. ટ્રાફિક મેનેજમેન્ટની કામગીરી અંતર્ગત ટ્રાફીકનાં નિયમન તથા નિયંત્રણ સંબંધિત સાધનોનાં સ્પેશીફીકેશન અને ખરીદીમાં તેમજ ટ્રાફીક બ્રીગેડનુ મહેકમ નિયત કરવાના ધોરણોમાં એકસૂત્રતા જાળવી રાખવા માટે અલાયદી ટેકનીકલ સબ કમિટીની હોદ્દાજોગ રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની ટેકનીકલ સબ કમિટિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.અને વ્ય.) – ચેરમેન.

(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પી.એન્ડ એમ.) – કો.ચેરમેન.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પોલીસ રીફોર્મ્સ) – સભ્ય સચિવ.

(૪) સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- સભ્ય

(૫) અમદાવાદ શહેર કમિશ્નરેટનાં સંબંધિત એડી.સીપી/જેસીપી/ડીસીપી(ટ્રાફીક) – સભ્ય

(૬) સુરત શહેર કમિશ્નરેટનાં સંબંધિત એડી.સીપી/જેસીપી/ડીસીપી(ટ્રાફીક) – સભ્ય

(૭) વડોદરા શહેર કમિશ્નરેટનાં સંબંધિત એડી.સીપી/ જેસીપી/ડીસીપી(ટ્રાફીક) – સભ્ય

(૮) રાજકોટ શહેર કમિશ્નરેટનાં સંબંધિત એડી.સીપી/જેસીપી/ડીસીપી(ટ્રાફીક) – સભ્ય

(૯) નાયબ સચિવશ્રી(ટી.સી.&ટી.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- સભ્ય

૩. ઉપરોકત, કમીટી રાજયના ટ્રાફિકના નિયંત્રણ બાબતે જે તે વિસ્તારની વસ્તી, વાહનોની સંખ્યા,ગીચતા વિગેરે બાબતો ધ્યાને લઇ નીચેની બાબતો નક્કી કરી આપશે.

(૧) ટ્રાફિક નિયત્રંણ માટે શહેરી વિસ્તાર તથા જિલ્લાઓ માટે આવશ્યક સાધન-સામગ્રીની સંકલીત યાદી તૈયાર કરવી, અને

(૨) ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે મહેકમ અંગેના નોર્મ્સ નક્કિ કરી આપવા.

સબ કમીટીએ ઉપરોકત કાર્યવાહી, દિન-૧૫માં પૂર્ણ કરવાની રહેશે અને તેનો અહેવાલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી મારફત ગૃહ વિભાગને આપવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અંગત રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી વાહન વ્યવહાર, ગુ.રા., ડો.જીવરાજ મેહતા ભવન, બ્લોક નં.૬, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કા.અને વ્ય.) ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પી.એન્ડ એમ.) ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (પોલીસ રીફોર્મ્સ) ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ / સુરત / વડોદરા/ રાજકોટ
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ટી.સી.&ટી.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની આઇ.ટી.શાખા, આ ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સીલેકટ ફાઇલ.